પ્રોસી. તરફની સાહેદી નંબર– ૨ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરી કહું છું કે–

મારૂ નામ :–માવજીભાઈ

પિતા/પતિનુ નામ :–રામાભાઈ પરમાર

ધંધો :– નોકરી (તાલુકા પંચયાત ભુજ)

ઉમર (આશરે) વર્ષ :૩૭

રહેવાનુ ગામ :– ભુજ

જીલ્લો : કચ્છ

સોગંદ આપ્યા.

**<u>સરતપાસ વિ.એ.પી.પી.શ્રી એચ.બી.જાડેજા</u>**

1. ગઈ તા.૮–૯–૨૦૨૦ ના રોજ મને એ.સી.બી. પો.સ્ટે.માં પંચ તરીકે બોલાવેલો. મારી સાથે બીજા પંચ વિજયભાઈ ચાવડા હતા. એ. સી.બી. પો.સ્ટે.માં અમે પી. આઈ. પી.કે. પટેલ સાહેબને મળેલા ત્યાં પો.સ્ટે. માં ફરીયાદી મહાવીરસિંહ હતા અને એ.સી.બી. સ્ટાફના માણસો હતા. ત્યાં પટેલ સાહેબે ફરીયાદીની કોન્ટ્રાકટ બાબતેની જે ફરીયાદ હતી તેમાં આ ફરીયાદી છે તેવી અમને સમજ કરેલી. ત્યારબાદ ફરીયાદ અમને વાંચી સંભળાવેલી અને મે વાંચેલી હતી.
2. ફરીયાદીની કુલે રુપીયા ૪૦ હજાર રુપીયાની લાંચની ફરીયાદ હતી જે પૈકી ફરીયાદી પાસે રુ.૧૫ હજાર હોઈ ફરીયાદીએ રુપીયા ૧૫ હજાર આપેલ જેમાં ૨ હજાર ના દરની સાત નોટ અને ૫૦૦ના દરની બે નોટ હતી.

---
**સાહેદની સહી**

ઓફીસમાંથી રજુ કરેલા રુ.૨૫ હજાર જેમાં ૨ હજારની ૧૨ નોટો અને ૫૦૦ ના દરની બે નોટો હતી. આ તમામ નોટોના સીરીયલ નંબરની નોંધ પંચનામામાં કરવામાં આવેલી.

3. બાદ પટેલ સાહેબે ફીનોલેપ્થીન પાવડરનો ગુણધર્મો સમજાવેલ કે તે જથ્થામાં હોય તો દેખાય કોઈ પણ વસ્તુ પર લગાડવામાં આવેલ હોય તો જોઈ શકાય નહી અને તેની હાજરી જોવી હોય તો સોડીયમ કાર્બોનેટ અને એક કેમીકલ વારો પાણી તૈયાર કરી છાટવામાં આવે તો આછા ગુલાબી રંગના ડાગ દેખાય. ત્યારબાદ પટેલ સાહેબની સુચનાથી ફીલ્ટર પેપર પર ફી.પા. લગાડી તેના પર સો.કા.નો દ્રાવણ છટકાવ કરેલ તો ફી.પે. ઉપર આછા ગુલાબી રંગના ડાગ જોવા મળેલા જેનો પ્રયોગ કરીને બતાવવામાં આવેલો અને પ્રયોગ દરમીયાન જોવા મળેલ કે જે જગ્યાએ પાવડર લાગેલ હતો તે જ જગ્યાએ દ્રાવણની અસર જોવા મળેલી બાકીની જગ્યા પર કોઈ અસર જોવા મળેલી નહી.

4. બાદ જે ૪૦ હજાર રુપીયા રજુ કરેલા તેના પર પાવડર લગાડવામાં આવેલો અને તે રુપીયા એક ૨૫ હજારની ગળી અને એક પંદર હજારની ગળી કરવામાં આવેલી અને આ નોટોને ફરીયાદીના ખીસ્સામાં મુકી દેવામાં આવેલી. બાદ એક વોઈસ રેકોર્ડર રજુ કરવામાં આવેલો તેમાં એક મેમરી કાર્ડ નાખાવામાં આવેલુ જે મેમરી કાર્ડમાં કોઈ ડેટા ફાઈલ સેવ નથી તેની અમને ખાતરી કરવામાં આવેલી. ત્યારબાદ ફરીયાદી, બે પંચો, અને પી. આઈ સાહેબની ઓળખ આપી અવાજનુ રેકોડીંગ કરવામા ં આવેલુ.

ત્યારબાદ રેકોર્ડર ચાલુ કરી બરાબર રેકોર્ડ થયેલુ છે કે નહી બતાવ્યુ તો રેકોર્ડરમાં અમારો અવાજનું રેકોડીંગ થયેલુ હતુ બાદ વોઈસ રેકોર્ડર ચાલુ બંધ કરવાની સમજ આપવામાં આવેલી અને આ રેકોર્ડર ફરીયાદીને આપીને ચાલુ બંધ કરવાની સમજ કરવામાં આવેલી ત્યારબાદ પટેલ સાહેબે ફરીયાદી અને મને કહેલ કે આપણે પાન્ધ્રો થર્મલ હાઉસ જવાનુ  છે ત્યાં આક્ષેપીત સાથે વાતચીત કરવાની અને પૈસાની માંગણી કરે તો આપવાના. પ્રથમભાગમાં આક્ષેપીતે ફરીયાદી પાસે મોબાઈલની વાતચીતમાં પૈસાની માંગણી કરેલ હતી તે અમે ફરીયાદીના મોબાઈલમાં સાંભળેલી હતી અને પ્રથમભાગની કાર્યવાહી પુર્ણ કરી આશરે ૧૧:૫૦ ની આસપાસ નીકળવા માટે રવાના થયેલા.

5. એ.સી.બી. કચેરીથી અમે પંચો , ફરીયાદી, પટેલ સાહેબ અને તેમનો સ ટાફ બધી સાધન સામગ્રી લઈને  બે પ્રાઈવેટ વાહનમાં પાન્ધ્રો જવા નીકળ ેલા. પાન્ધ્રો થોડા નજીક અમે વાહન ઉભુ રાખેલુ તે સમયે ફરીયાદીએ કહેલ કે સાથે જશુ તો વહેક જાશે ત્યારબાદ બીજુ વાહન આવતા તે પણ ત્યાં ઉભુ રાખેલુ અને ફરીયાદી બાઈકમાં જવા નીકળેલા. આ સમયે વોઈસ રેકોર્ડર ચાલુ કરી ફરીયાદીના ખીસ્સામાં મુકવામાં આવેલુ અમે પ્રથમ હું અને ફરીયાદી બાઈકથી થર્મલ પાવરના પહેલા ગેટ પાસ ે ગયેલા અને ગેટની અંદર ત્યાં પુછેલુ કે કયાંથી આવો છે તો અમે કહેલ પો.સ્ટે. થી આવીએ છીએ. હવે કહુ છુ કે અમને એમ ને એમ જવા દીધેલા અમને પુછેલુ નહી. ત્યારબાદ બીજો ગેટ આવેલો ત્યાં પણ અમને રોકેલા

નહી અમને જવા દીધેલા અને ત્યાં અંદર જતા જમવાની કેન્ટીન હતી ત્યાં ઉભા રહેલા અને ત્યાં બાજુમાંજ બરાસરા સાહેબ અને નિશાંત સાહેબની ઓફીસ હતી ત્યાં ગયેલા અંદર ઓફીસમાં જતા ખાલી એક બરાસરા સાહેબ હાજર હતા અને બીજા સાહેબ હાજર ન હતા. તે સમયે બરાસરા ને પુછતા બરાસરા સાહેબે કહેલ કે નીશાંત સાહેબ પ્લાન્ટ ઉપર ગયેલા છે જેથી હુ અને ફરીયાદી ઓફીસથી બહાર નીકળેલા બાદ ફરીયાદીએ થોડા સમય બાદ નીશાંત સાહેબને કોલ કરીને કહેલ કે તમે આવી ગયા છો તો સાહેબ હા આવી ગયો છુ તેવુ કહેલુ તેથી હું અને ફરીયાદી ફરીથી ઓફીસમાં ગયેલા ઓફીસમાં જતા દરવાજાની બાજુમાં નીશાંત સાહેબ બેઠા હતા અને તેના થી બાજુમાં બરાસરા સાહેબ બેઠા હતા. હુ અને ફરીયાદી નીશાંત સાહેબના ટેબલ સામે બેઠેલા ફરીયાદીએ નીશાંત સાહેબને તેના કામ બાબતે વાતચીત કરેલી આ દરમીયાન નીશાંત સાહેબે પૈસા માંગ્યા હશે તે પૈસા નીશાંત સાહેબે ઈશારાથી માંગતા રુપીયા ૨૫ હજાર નીશાંત સાહેબને આપેલા જે પૈસા નીશાંત સાહેબે લઈ લીધા બાદ બરાસરા સાહેબ તરફ ફરીયાદી જોયા બાદ બરાસરા સાહેબને પણ ફરીયાદીએ ઉભા થઈને રુપીયા પંદર હજાર આપેલા  જે બરાસરા સાહેબે પૈસા લઈ લીધેલા. બાદ ફરીયાદીએ સાહેબને કોલ કરીને જણાવેલ કે પૈસા લઈ લીધેલા છે જેથી પી.આઈ. સાહેબ તથા તેમના સ્ટાફ અને પંચ–૨ ઓફીસની અંદર આવી ગયેલા.

6. અંદર આવ્યા બાદ પી.આઈ સાહેબે નીશાંત સાહેબને ઓળખ કાર્ડ

---

બતાવીને પોતાની ઓળખ આપેલી અને નીશાંત સાહેબને કહેલ કે તમે એ સી બી ના કેસમાં ઝડપાઈ ગયા છો આ સમયે નીશાંત સાહેબે પૈસા લીધેલા હતા તે તેમની પાસે જે બોકસ હતુ તેની અંદર નાખી દીધેલા અને પંચ–૨ મારફતે જે બોકમાં પૈસા હતા તે લેવડાવેલા અને પંચ–૨ પૈસા લઈ લીધેલા. આ પૈસા ઉપર સ્ટાફના માણસે દ્રાવણનો છટકાવ કરેલો જે પૈસા ઉપર ગુલાબી રંગના ડાગ જોવા મળેલા જે પૈસાને કવરમાં નાખી શીલ કરી કબજે કરવામાં આવેલ. ત્યારબાદ પંચ–૨ એ જે બોકસમાંથી પૈસા મળેલા તે બોકસમાં ફીલ્ટર પેપર ઘસીને બહાર કાઢેલ બાદ તે ફી.પે. ઉપર દ્રાવણનો છટકાવ કરતા ફી.પે. ઉપર ગુલાબી રંગના ડાગ જોવા મળેલા જે ફી.પે. ને કવરમાં નાખી શીલ કરી કબજે કરવામાં આવેલ. બાદ નીશાંત સાહેબનો જમણો હાથ દ્રાવણમાં બોડાવતા દ્રાવણ ગુલાબી રંગનો થઈ ગયેલુ તે દ્રાવણને પણ શીલ કરી કબજે કરવામાં આવેલ. ત્યારબાદ નીશાંત સાહેબનો ડાબો હાથ દ્રાવણમાં બોડાવતા કોઈ ફેરફાર થયેલ નહી જેથી તેને ઢોળી નાશ કરવામાં આવેલ.

7. ત્યારબાદ બરાસરા સાહેબે જે રકમ જમણા હાથે લઈને પોતાના શર્ટના ખીસ્સામાં મુકી દીધા હતા. ફરીયાદીએ બરાસરા સાહેબના ઈશારાથી ફરીયાદીએ જે રુપીયા આપેલા હતા તે બરાસરા સાહેબે લઈને પોતે પહેરેલ શર્ટના ખીસ્સામાં મુકેલા હતા. જે પૈસા પંચ–૨ મારફતે બહાર કઢાવતા પંદર હજાર રુપીયા હતા જે ૨ હજારની સાત અને ૫૦૦ ની બે નોટો હતી. જે

---
**સાહેદની સહી**

નોટો ઉપર દ્રાવણનો છટકાવ કરતા આછા ગુલાબી રંગના ડાગ જોવા મળ ેલા જે નોટોને અમારી સહી વાળી કાપલી લઈ શીલ કરી કબજે કરવામાં આવેલ. બાદ પંચ–ર ધ્વારા બરાસરા સાહેબના જે ખીસ્સામાંથી પૈસા મળ ેલા તેમાં ફી.પે. ઘસવામાં આવેલુ અને ઘસયા બાદ ફી.પે. ઉપર દ્રાવણો છટકાવ કરતા આછા ગુલાબી રંગના ડાગ જોવા મળેલા જે ફી.પે. ને કવરમાં નાખી શીલ કરી કબજે કરવામાં આવેલ. ત્યારબાદ બરાસરા સાહેબે પહેરેલ શર્ટ કબજે કરવાનો હોઈ સ્ટાફના માણસ સાથે બીજા શર્ટની વ્યવસ્થા કરાવી બરાસરા સાહેબે પહેરેલ શર્ટ એક કવરમાં નાખી શીલ કરી કબજે કરવામાં આવેલ. બાદ બરાસરા સાહેબે જમણા હાથે પૈસા લીધેલા હતા જેથી તેમનો જમણો હાથ દ્રાવણમાં બોડાવતા દ્રાવણ ગુલાબી રંગનુ થઈ ગયેલુ જે દ્રાવણને પણ કબજે કરવામાં આવેલ હતુ. બાદ બરાસરા સાહેબનો ડાબો હાથ દ્રાવણ બોડાવતા દ્રાવણમાં બોડાવતા દ્રાવણમાં કોઈ ફેરફાર થયેલ નહી જેથી દ્રાવણમાં ઉપયોગ કરવામાં આવેલ નહી. બાદ તેમની ઓફીસ જોવામાં આવેલી જેમાં ટેબલ ખુરશીઓ હતી બીજી કોઈ વાંધાજનક વસ્તુઓ હતી નહી.

8. બાદ બરાસરા સાહેબ અને નીશાંત સાહેબનો પરીચય લેતા બરાસરા સાહેબ ડેપ્યુટી ઈજનેર હતા અને નીશાંત સાહેબ જુનીયર ઈજનેર હતા. અને તે બન્ને પાસેથી જે પૈસા મળેલ હતા તે એક કાગળમાં બન્ને સાહેબોની અને અમારા પંચોની સહી લીધેલી તે પૈસા સ્વીકારેલ હોવાનું સાબીત કરેલુ. અગાઉ જયારે સાહેબને અંદર આવી ગયેલા

---
સાહેદની સહી

ત્યારે વોઈસ રેકોર્ડર બંધ કરી દેવામાં આવેલુ તે વોઈસ રેકોર્ડર ફરીયાદી પાસેથી મને આપવામાં આવેલુ અને સાહેબની સુચનાથી એ સી બી સ્ટાફના માણસને આપેલુ અને સાહેબની સુચનાથી તે વોઈસ રેકોર્ડરમાંનુ મેમરી કાર્ડ કાઢીને કવરમાં નાખી કબજે કરવામાં આવેલુ. બાદ ફરીયાદીના મોબાઈલમાં જે મેમરીકાર્ડ હતુ તે કાઢીને એક કવરમાં નાખી શીલ કરી કબજે કરવામાં આવેલુ અને પંચનામું પુરુ થયેથી અમોએ સહી કરેલી.

9. પંચનામું પુરુ થયા બાદ અમે પહેલા બધા બરાસરા સાહેબના ઘરે ગયેલા અને ઘરની અંદર ઘરવખરીનો સામાન જોયેલો અને તેની નોંધ કરવામાં આવેલી જે કાર્યવાહીમાં મે સહી કરેલી અને બરાસરા સાહેબની સહી લેવામાં આવેલી.

10. બાદ નીશાંત સાહેબના ઘરે ગયેલા અને ઘરની અંદર ઘરવખરીનો સામાન જોયેલો અને તેની નોંધ કરવામાં આવેલી જે કાર્યવાહીમાં મે સહી કરેલી અને નીશાંત સાહેબની સહી લેવામાં આવેલી.

11. ત્યારબાદ અમે બધા ઓફીસ પરત ગયેલા સાહેબે અમને ઘરે જવાની છુટ આપતા અમે નીકળી ગયેલા. આરોપીઓને હુ ઓળખુ છુ તેઓ આજરોજ કોર્ટમાં હાજર છે.

12. મને આંક–૨૬ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે આ પંચનામું અમારી હાજરીમાં કરવામાં આવેલુ અને અમોએ પંચનામામાં પંચનં.૧ તરીકે સહી કરેલી જે ઓળખી બતાવું

---

સાહેદની સહી

છુ.

**13.** મને માર્ક ૮/૪ અને ૮/૫ વાળા પંચનામામાં બતાવવામાં આવે છે જે બન્ને પંચનમામાં પંચનં.૧ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે અનુક્રમે રજુ દાખલ **આંક–૨૮ થી ૨૯**

**14.** મને માર્ક ૮/૯ અને ૮/૧૦ વાળા ઈન્વેન્ટરી મેમો બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે બન્ને ઈન્વેન્રી મેમા અમારી હાજરીમાં કરવામાં આવેલુ અને અમોએ ઈન્વેન્ટરી મેમામાં પંચનં.૧ તરીકે સહી કરેલી જે ઓળખી બતાવું છુ જે અનુક્રમે રજુ દાખલ **આંક– ૩૦ તથા ૩૧**

**15.** મને માર્ક ૮/૧૧ તથા ૮/૧૨ વાળા સીજર મેમો બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે બન્ને સીજર મેમા અમારી હાજરીમાં કરવામાં આવેલુ અને અમોએ સીજર મેમામાં પંચનં.૧ તરીકે સહી કરેલી જે ઓળખી બતાવું છુ. જે અનુક્રમે રજુ દાખલ **આંક– ૩૨ તથા ૩૩**

**16.** મને મુદામાલ આર્ટીકલ નં. ૧ થી ૧૦ વાળા જે ખોલીને બતાવવામાં આવે છે જેમાં વધેલ ફીનોલ્ફથેલીન પાવડર (ફી.પા.), મુદાની નોટ ફીલ્ટર પેપર, મેમરીકાર્ડ, શર્ટ વિગેરે વાળા મુદામાલ બતાવવામાં આવે છે જે જોઈને જણાવું છુ કે તમામા મુદામાલ અમારી કાર્યવાહી વખતે કબજે કરવામાં આવેલ હતુ તે જ છે

**17.** સદર સાહેદને મુદામાલ આર્ટીકલ માર્ક–બી આઈટમ નં.૨ ની બોટલ બતાવવામાં આવે છે તેમાં તા.૮–૯–૨૦૨૦ ની એક પંચ સ્લીપ ચોડેલી છે તેના પર સાહેદ પોતાની નં.૧ ની પંચ તરીકે ની સહી ઓળખી

બતાવે છે. જે બોટલ ઉપરની પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૩૪** જે પંચ સ્લીપ બોટલ સાથે ચોટાડેલી હોય તેને ઉખેડવા જતા પંચ સ્લીપ તુટી જાય તેમ હોઈ તેથી તેની ફોટોકોપી કરીને પ્રીન્ટ કાઢીને સદર દસ્તાવેજ આંક–૩૪ તરીકે રેકર્ડ રાખવાનુ રહેશે.

18. સદર સાહેદને મુદામાલ આર્ટીકલ માર્ક–ઈ આઈટમ નં.૫ ની બોટલ બતાવવામાં આવે છે તેમાં તા.૮–૯–૨૦૨૦ ની એક પંચ સ્લીપ ચોડેલી છે તેના પર સાહેદ પોતાની નં.૧ ની પંચ તરીકે ની સહી ઓળખી બતાવે છે. જે બોટલ ઉપરની પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૩૫** જે પંચ સ્લીપ બોટલ સાથે ચોટાડેલી હોય તેને ઉખેડવા જતા પંચ સ્લીપ તુટી જાય તેમ હોઈ તેથી તેની ફોટોકોપી કરીને પ્રીન્ટ કાઢીને સદર દસ્તાવેજ આંક–૩૫ તરીકે રેકર્ડ રાખવાનુ રહેશે.

19. સદર સાહેદને મુદામાલ આર્ટીકલ માર્ક–એફ મુદાની નોટો બતાવવામાં આવે છે તેમાં નીકળેલી પંચ સ્લીપ જેમા પંચનં.૧ તરીકે ની મારી સહી છે જે ઓળખી બતાવે છે. જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૩૬**

20. સદર સાહેદને મુદામાલ આર્ટીકલ માર્ક–સી મુદાની નોટો બતાવવામાં આવે છે તેમાં નીકળેલી પંચ સ્લીપ જેમા પંચનં.૧ તરીકે ની મારી સહી છે જે ઓળખી બતાવે છે. જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૩૭**

21. સદર સાહેદને મુદામાલ આર્ટીકલ આઈટમ નં.૧૦ આરોપી

વિપુલકુમાર બરાસરાનુ શર્ટ બતાવવામાં આવે છે તેમાં નીકળેલી પંચ સ્લીપ જેમા પંચનં.૧ તરીકે ની મારી સહી છે જે ઓળખી બતાવે છે. જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૩૮**

22. સદર સાહેદને મુદામાલ આર્ટીકલ એચ લાંચના છટકામાં વપરાયેલ વોઈસ રેકોર્ડરનું મેમરી કાર્ડ બતાવવામાં આવે છે તેમાં નીકળેલી પંચ સ્લીપ જેમા પંચનં.૧ તરીકે ની મારી સહી છે જે ઓળખી બતાવે છે. જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૩૯**

23. સદર સાહેદને મુદામાલ આર્ટીકલ આઈ ફરીયાદીના મોબાઈલનું મેમરી કાર્ડ બતાવવામાં આવે છે તેમાં નીકળેલી પંચ સ્લીપ જેમા પંચનં.૧ તરીકે ની મારી સહી છે જે ઓળખી બતાવે છે. જે પંચ સ્લીપને રજુ દાખલ આંક–**૪૦**

24. સદર સાહેદને મુદામાલ માર્ક એ વધેલ ફી.પા. બતાવવામાં આવે છે તેમાં નીકળેલી પંચ સ્લીપ જેમા પંચનં.૧ તરીકે ની મારી સહી છે જે ઓળખી બતાવે છે. જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૪૧**

25. સદર સાહેદને મુદામાલ કોર્ટ રુબરુ આર્ટીકલ ડી નું શીલબંધ કવર ખોલવામાં આવ્યુ ફીલ્ટર પેપર આરોપી નં.ર નાએ મુ.માલ ની નોટો સ્વીકારી ખાકી કલરના પુઠામાં ફેકી દીધેલ તે કાગળ પર વધેલ ફી.પે અને તેના પર પ્રગોય કરેલ ફી.પે. બતાવવામાં આવે છે તેમાં નીકળ ેલી પંચ સ્લીપ જેમા પંચનં.૧ તરીકે ની મારી સહી છે જે ઓળખી બતાવે છે. જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૪૨**

---

**સાહેદની સહી**

26. સદર સાહેદને મુદામાલ કોર્ટ રુબરુ આર્ટીકલ જી નું શીલબંધ કવર ખોલવામાં આવ્યુ ફીલ્ટર પેપર આરોપી નં.૧ નાએ પોતાના પહેરેલ શર્ટના ડાબી બાજુના ખીસ્સામાં નોટો મુકેલ ત્યાં ઘસવામાં આવેલ ફી.પે. માર્ક–જી થી કબજે કરેલ તેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે. જે ઓળખી બતાવુ છુ. જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૪૩**

**સરતપાસ પૂરી.**

ઉલટ તપાસ :– આરોપીઓતરફે વિ.વ.શ્રી બી.આર. ત્રિવેદી

27. અમો બન્ને આરોપીઓના ઘરે ઝડતી તપાસ કરવા ગયા હતા અને ત્યારબાદ પરત બનાવવાળી જગ્યાએ આરોપીઓની ઓફીસમાં આવેલા. ત્યાં પરત આવ્યા બાદ ઓફીસમાં પંચનામાની કાર્યવાહી કરી અમો ભુજ જવા નીકળી ગયેલા. પાન્ધ્રોમાંથી ભુજ જવા નીકળતા પહેલા અમારી કેટલી કાપલીઓમાં સહી લીધેલ તેના જવાબમાંજણાવુ છુ કે એક નોટોની કાપલીપર , બે સીમકાર્ડની કાપલી પર, ફીલ્ટર પપેરની કાપલી પર , શર્ટની કાપલી પર , ખાકી બોકસની કાપલી પર, અને દ્રાવણ કબજે કરેલુ તેની કાપલી પર સહીઓ કરેલી.

સવાલ આ સહીઓ લીધેલ તે સમયે આ તૈયાર લખાણ હતુ એટેલ ે કે પંચનામું હતુ તેના પર સહીઓ લીધેલ?

જવાબ:– હા પંચનામામાં પણ સહીઓ લીધેલી.

28. આ કેટલીઓ સહીઓ લીધેલ તે હું ટોટલ ના કહી શકુ પણ દરેક કાર્યવાહી પર સહી લીધી છે તેવુ મારુ કહેવુ છુ. મારા કહેવા મુજબ ત્રણ

પંચનામામાં કરેલા અને તેના પર મારી સહીઓ લીધેલી.

**29.** અમે સહીઓ કરી ભુજ જવા નીકળેલા ત્યારે રાત થઈ ગયેલી પરંતુ હું ટાઈમ કહી શકુ નહી. સાહેદને ફરીથી સમય પુછવામાં આવતા તેઓ જણાવે છે કે રાત હતી એટલી મને ખબર છે ટાઈમ મને હાલે યાદ નથી. અમો પાન્ધ્રો ખાતે પહોચ્યા બાદ આશરે અગીયારેક કલાક બાદ પરત ફરેલા. મને આંક–૩૪ અને ૩૫ ની બોટલ મને બતાવવામાં આવે છે તેને માથે જે શીલ છે તે મારા રુબરુ મારવામાં આવેલુ. એ વાત ખરી છે કે આ બન્ને બોટલ ઉપર ઢાકળ ઉપરથી નીચે અડધી બોટલ ત્યાં સુધી કાગળની કાપલી છે અને તેના પર શીલ મારવામાં આવેલુ છે. એ વાત ખરી છે કે તે કાપલી અને ઢાકળ ઉપર દોરી વીંટીને તે દોરી બોટલમાં અડધે પહોચે તે રીતે કરવામાં આવેલી છે અને તેના પર લાખનું શીલ કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે આ બન્ને બોટલ ઉપર જે બબે શીલો કરવામાં આવેલ છે તે ઈનટેકટ છે તુટેલા નથી અને તેની નીચે કાપલી અને દોરી ઈનટેકટ અને તુટયા વગરની છે. શીલો મારેલી જે કાપલીઓ લખેલી છે અને મારી સહી છે તેની પર મારી સહીઓ લેવામાં આવેલી છે.મને બન્ને બોટલો બતાવાવમાં આવે છે આજે જેના પર જેટલુ લખાણ છે તેટલુ તમામ લખાણ અમે જયારે સહી કરી ત્યારે તેટલુ ન હતુ હવે જણાવુ છુ કે એટલુ યાદ નથી. ચોકકસ શુ લખેલ હતુ તેના જવાબમાં જણાવુ છુ કે જે દ્રાવણ હતુ તેના વિશે લખેલ હતુ. ચોકકસ શબ્દો શું લખેલ હતા તે ઘણા વર્ષો થઈ ગયા એટલે કહી શકુ નહી. તેમાં

---
સાહેદની સહી

મને માર્ક –ઈ વાળી બોટલ બતાવાવામાં આવે છે તેમાં એક દ્રાવણ દેખાય છે જે સફેદ અને આછા ગુલાબી કલરનું છે તેવુ મારુ કહેવુ છે.

સવાલ:– આંક–૩૫ વાળી બોટલમાં જે દ્રાવણ છે તે ઘાટા સફેદ કલરનું દેખાય છે.

જવાબ:– સફેદ કલર જેવુ આછા કલરનું જેમાં આછો આછો ગુલાબી કલર મને દેખાય છે.

30. એ વાત ખરી છેકે આંક–૩૪ વાળી બોટલમાં કઈ પણ લીકવીડ નથી અને તેમાં કોઈ કલર દેખાતુ નથી.

નોંધ:– ઉલટ તપાસમાં ઉપરના ભાગે આંક–૩૪ અને૩૫ ની બોટલોના શીલ વીશે જે પ્રશ્નોતરી કરવામાં આવેલ છે તેના અનુસંધાને બોટલનું શીલ અને શીલ નીચેની કાપલી જે હાલતમાં છે તે હાલતમાં ભવીષ્યની પુરાવાકીય મુલ્યાકન માટે શીલ ખોલવુ જરુરી જણાય છે હાલના તબકકે બચાવ પક્ષના વિ.વ.શ્રી ની રજુઆત છે કે આ શીલ અદાલતે ખોલવુ હોય તો ખોલી શકે છે પરંતુ કાયદાકીય રીતે મુ.માલ ની પરીસ્થીતી યથાવત રાખવી જરુરી છે તેથી બોટલ ઉપર લગાવવામાં આવેલા શીલ ખોલવા ન જોઈએ કારણ કે હજી સદર શીલ અંગેના બીજા બે સાહેદોને પણ ઉલટ તપાસ કરવાની બાકી છે જેથી તેના માટે પણ સદર શીલ યથાવત (ઈનટેકટ) રાખવા જરુરી છે.

સદર બન્ને બોટલ પર જે શીલ છે તે શીલમાં R.F.S.L CHEMISTRY RJT. એવુ લખેલુ વંચાય છે. જે પરીસ્થીતી બન્ને બોટલના શીલ

સાહેદની સહી

ઉપરની છે. જેથી સદર શીલ એફ એસ એલ ના શીલ હોવાનું ફલીત થાય છે અને સદર કાપલીઓ જે બોટલના ઢાકળ પર લગાડી શીલ મારવામાં આવેલ છે તે જેટલી પણ યોગ્ય પરીસ્થીતીમાં મળી આવે તે આ શીલ દુર કરીને રેકર્ડમાં રાખવી યોગ્ય જણાતી હોય અદાલતે આ શીલ દુર કરવાની કાર્યવાહી શરુ કરવી વ્યાજબી લાગેલી પરંતુ બચાવ પક્ષની રજુઆત છે કે ભવીષ્યમાં અન્ય સાહેદોની ઉલટ તપાસ વખતે તેઓને આ શીલની પરીસ્થીતી બતાવવી જરુરી છે તેથી તેમના બચાવના અધિકારને નુકશાન ન જાય તેથી આ બન્ને બોટલોના શીલ યથાવત રાખવામાં આવે છે અને શીલ પર જે હકીકતો છે તે જ નોંધવામાં આવેલ છે.

**31.** મને માર્ક– જી બતાવવામાં આવે છે તેમાં ગુલાબી કલરના કોઈ ટપકા દેખાય છે તેના જવાબમાં જણાવુ છુ કે તેમાં નકશા જેવુ આખુ રાઉન્ડ થઈ ગયેલુ છે અને થોડો કલર દેખાય છે કોઈ ગુલાબી કલરના ટપકા દેખાતા નથી.

**32.** મને માર્ક– ડી બતાવવામાં આવે છે તેમાં ગુલાબી કલરના કોઈ ટપકા દેખાય છે તેના જવાબમાં જણાવુ છુ કે તેમાં નકશા જેવુ આખુ રાઉન્ડ થઈ ગયેલુ છે અને થોડો કલર દેખાય છે કોઈ ગુલાબી કલરના ટપકા દેખાતા નથી.

**33.** એ વાત ખરીછે કે મુદાની નોટો છે તેના સીરીજ નંબર કે સીરીયલ નંબર હુ આજે કહી શકુ નહી. મારા કહેવા મુજબ મુ.માલની નોટો પર

**સાહેદની સહી**

જે રીઝર્વ બેંક પર જરુરી અને કાયદેસરનુ છાપકામ હોય તેના સીવાય કોઈ નોંધ , નીશાન કે લખાણ ન હતુ. એ વાત ખરી છે કે પંચનામામાં જે નોટોની સીરીયલ નંબર લખેલા છે તે જોયા સીવાય મુ.માલ આવેલ નોટો બતાવવામાં આવે છે તે હુ નોટો જોઈને ન કહી શકુ. મને મુ.માલની બે હજાર ના દરની સાત નોટ અને પાંચના દરની બે નોટ બતાવવામાં આવે છે જે કવર જેમાં માર્ક–એફનો મુ.માલ મુકવામાં આવેલો તેવુ લખેલ છે તેમાં નીકળેલ છે અને તેમાં એફ–૧ થી એફ–૯ ના શબ્દો પેન્સીલથી લખેલા છે. મને મુ.માલના માર્ક સી વાળા કવરમાંથી નીકળ ેલી મુ.માલની નોટો બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તે દરેક નોટ ઉપર પેન્સીલથી સી –૧ થી સી–૧૪ લખેલુ છેઅને તે પૈકીની બે હજારના દરની બે નોટો જેના પર સી–૭ અને સી–૯ લખેલુ છે તેમા સી–૭ ની નોટ પર વધારનો પેન્સીલથી ૩૯ તથા સી –૯ ની પર વધારાનો ૧૦૦ તથા ૫૦૦ ના દરની સી –૧૩ નોટ પર વધારાનું પેન્સીલથી ૧૦૦ એવુ લખેલુ છે. હું જે મેમરી કાર્ડનુ કહુ છુ કે તેના બેચ નંબર કે સીરીજ નંબર બતાવેલા પરંતુ તે મને હાલે યાદ નથી. આ ૮ જી. બી ના હતા પરંતુ કંપનીનો નામ મને ભુલાઈ ગયેલુ છે. સાહેદ જણાવે છેકે વોઈસ રેકોર્ડર ૮ જીબી નો હતો. અને બીજુ મેમરી કાર્ડ ચોકકસ કેટલા જી.બીનું હતુ તે મને હાલે યાદ નથી. એ વાત ખરી છે કે પ્રથમ વખત અમને મેમરી કાર્ડ બતાવ્યુ પછી બીજીવાર બતાવ્યુ ત્યારે તે જ મેમરી કાર્ડ છે કે કેમ તેની મેળવળી કરેલી. આ મેળવળી કરેલી તેવુ લખેલુ કે કેમ તેના જવાબમાં જણાવુ છુ કે તે ધ્યાનમાં

આવેલ નથી પરંતુ તે લખેલ નહી હોય તે અંદાજે કહી શકુ. કયા મેમરી કાર્ડમાં કેટલા મીનીટનો રેકોડીંગ હતુ તે હુ અત્યારે કહી શકુ નહી. વોઈસ રેકોર્ડરમાં અમે ગેટથી અંદર ગયા અને પૈસા લઈ લીધા ત્યા સુધીનુ રેકોડીગ હતુ તેની એક જ ફાઈલ હતી તેવુ મારુ કહેવુ છે. હવે હુ યાદ કરીને જણાવુ છુ કે આ વોઈસ રેકોર્ડરમાં પણ અમારા પરીચય બાબતનું એક અલગ રેકોડીગ હશે. ફરીયાદી વાળા મેમરી કાર્ડમાં કેટલી ફાઈલો હતી તે મને અત્યારે યાદ નથી. એ વાત ખરી નથી કે મારો પરીચય આપતુ કોઈ રેકોડીંગ કરવામાં આવેલ નથી. આ મેમરી કાર્ડની કોઈ હેઝવેલ્યુ કાઢવામાં આવેલ કે કેમ તેની મને ખબર નથી.

નોંધ:- માર્ક-આઈ અને માર્ક-એચ વાળા બન્ને મેમરીકાર્ડ સાહેદની જુબાની પહેલા શીલબંધ રેકર્ડમાંથી અદાલતના પ્રી.ઓફીસર રુબરુ ખોલવામાં આવેલુ અને સાહેદની જુબાની ન થયેલ હોય જેથી ફરીથી બન્ને મેમરી કાર્ડ અદાલતના ખાખી કવરથી શીલ કરવામાં આવેલ બન્ને ખાકી કવર આજરોજ ખોલવામાં આવેલ છે જેથી બન્ને ખાકી કવરનો નાશ કરવામાં આવેછે.

**34.** કબજે કરવામાં આવેલ શર્ટ બ્લુ કલરનુ હતુ અને તે આખી બાયનું હતુ. એ વાત ખરી છે કે આ કંપનીનો યુનીફોર્મ હતો તે શર્ટ તેઓ ઓફીસમાં જયા બેઠા હતા ત્યાંથી કબજે કરેલુ. શર્ટ માં જે જગ્યાએ ફી.પે. ઘસવાનો પ્ર યોગ કરેલો તે સ્પીસેફીક કઈ જગ્યા ફી.પે. ઘસયો તેની કોઈ માર્કીગ કે નીશાની કરેલી તેના જવાબમાં જણાવુ છુ કે આવી કોઈ નીશાની કરેલ ન

---
**સાહેદની સહી**

હતી. જયાં સ્થળ પર કાર્યવાહી કરેલી ત્યાં અમારી સહીઓ લીધેલ તેના જવાબમાં જણાવુ છુ કે શર્ટ પર સહીઓ લીધેલ નથી. એ વાત ખરી નથી કે આ શર્ટ આક્ષેપીત બરાસરાના માપનું નથી.

**35.** એ સી બી માં પંચમાં જવાનું છે તેવુ મને તા. ૭–૯–૨૦૨૦ ના રોજ સાંજે પાંચ આસપાસ મને ખબર પડેલી. ટી.ડી.ઓ. સાહેબે મને રુબરુ બોલાવીને કીધેલુ. મને જે વખતે આ સુચના આપી ત્યારે ત્યાં બીજુ કોઈ હતુ નહી. એ વાત ખરી છે કે મને મારા ઉપરી અધિકારીને રાડોઠ સાહેબનાઓએ જણાવેલુ કે તમારે એ સી બી કચેરીએ જવાનુ છે પી કે પટેલ સાહેબે બોલાવેલા છે અને તમારે તેમને મલવાનુ છે.

**36.** અમો સાત તારીખે એ.સી.બી. કચેરીએ ગયેલા નહી. અમો સદર કેસમાં સૌપ્રથમ વખતે એ સી બી કચેરીએ ૮ તારીખે એ સી બી કચેરીએ સવારના ૮:૩૦ કલાકે પહોચેલા. એવ ાત ખરીછ` કે તે સમયે અમોની તાલુકા પંચાયતમાં મારા કરતા ઉમરમાં અને નોકરીમાં મારાથી સીનીયર હોય તેવા ઘણા બધા કર્મચારીઓ હતા. મારા નોકરી બનાવ સમયે આઠ વર્ષની થયેલી.

**37.** અમે એ સી બી કચેરીએ ગયા ત્યારે ત્યાં કોણ કોણ હતુ તેના જવાબમાં જણાવુ છુ કે અમે ત્યાં કોઈને ઓળખતા ન હતા ત્યા પી આઈ સાહેબ પાસે ગયેલા અને ત્યાં મને ફરીયાદી અને મારી સાથે બીજા પંચ હતા તેની સાથે ઓળખાણ કરાવેલી. ફરીયાદી અમારા પછી આવેલા નહી પરંતુ ત્યાં હતા જ એવુ મારુ કહેવુ છે. હું જે પી એસ આઈ કહુ છુ

---
**સાહેદની સહી**

તે પટેલ સાહેબ હતા. એ વાત ખરી છેકે પટેલ સાહેબ સાથે બીજા એક હેક કોન્સટેબલ અને પી એસ આઈ હતા હવે હું કહુ છુ કે બીજા કોઈ પી.આઈ. ન હતા મને કોઈ બીજા પી આઈ ની ઓળખાણ કરાવેલી ન હતી કોન્સટેબલ અને તેમના રાઈટર એ લોકો હતો. અમારા સહીત તે રુમમાં આઠેક જેટલા વ્યકિતઓ હતા. એ વાત ખરી છેકે આ બધા સીવીલ ડ્રેસમાં હતા. એ વાત ખરી છેકે આ દરેકના હોદા અને નામની મને તે સમયે ખબર ન હતી.

હાલના તબકકે ૧:૪૫ નો સમય થયેલ હોય અને ઉ. ત. ૨ વાગા સુધી પુર્ણ થઈ શકે તેમ ન હોય બાકીની ઉ.ત. ૩ વાગે રાખવી .

ફરી સોગંદ આપ્યા,

**ઉ.ત. આરોપીઓ તરફે વિ.વ.શ્રી બી. આર. ત્રીવેદી**

38. અમો સવારે એ. સી.બી. કચેરીએ પહોંચી જે રુમમાં રોકાયા અને તેમાંથી બહાર જવા નીકળયા તે સમય દરમીયાન તે રુમમાં સ્ટાફના માણસોની અવર જવર થયા કરતી હતી. એ વાત ખરી છે કે કોણ કોણ માણસો કયા કયા સમયમાં અને કેટલી વાર આવ્યા અને શા કામ માટે આવ્યા તેની મને ખબર નથી. ફરીયાદી પાસે મોબાઈલ હતો તે કઈ કંપની કે બ્રાન્ડનો કયા નંબર નો હતો તેની મને ખબર નથી. તે મોબાઈલમાં કોલ થઈ શકે અને રેકોડીંગ થઈ શકે તે સીવાયની બીજી કઈ સગવડ હતી તેની મને ખબર નથી. મારી પાસે મોબાઈલ હતો તેનો નંબર ૯૫૫૮૬૬૭૦૬૫ હતો. મારા ત્યારના મોબાઈલ ઈન્સટ્રુમેન્ટમાં

---
**સાહેદની સહી**

અલગથી મેમરી કાર્ડની સુવીધા ન હતી. સ્માર્ટ ફોનમાં મેમરી કાર્ડ નાખવાનું આવતુ હશે પરંતુ મારા ફોનમાં ન હતુ. ફરીયાદીના ફોનમાં આવી ફેસેલીટી હતી. એ વાત ખરી નથી કે મારી પાસે એ સી બી ના કર્મચારી શયામભાઈનો મોબાઈલ નંબર સેવ કરેલો હતો. એ વાત ખરી છે કે માર ે ૮ તારીખે શયામભાઈ સાથે વાત થયેલી. સાહેદ જણાવે છે કે ત્યારે અમે એક બીજાના નંબર લીધા હશે. તે વાત કેટલી વખત થઈ હશે તે મને હાલે યાદ નથી. એ વાત ખરી છે કે તે દીવસ ે અમે એકબીજાને ફોન કરયા હોય તેવુ બનયુ હતુ. મને અત્યારે યાદ નથી કે ૩૨મીનીટ ને ૪૫ સેકન્ડે મારે શયામભાઈ સાથે એવી વાત થયેલી કે '' અમે બહાર છીએ અને મને તો ખબર નથી પણ બાપુ એમ કહે છે કે ઈ તો પછી પછી કરે છે. '' મને યાદ નથી કે ફરીયાદીએ તા.૮–૯–૨૦૨૦ ના રોજ મને એવુ કીધેલુ કે મારી એક થેલી રહી ગઈ સાહેબ પાસે કાગળીયા વાળી થેલી રહી ગઈ. મને એવુ યાદ નથી કે સીકયુરીટી વાળા કેમ બહુ દીવસે તેવુ પુછતા ફરીયાદીએ વરસાદ ચાલુ હોવાનુ રસ્તા બંધ થઈ ગયેલાનુ અને એક મહીનાથી કન્ટીન્યુ વરસાદ પડતો હોવાનું જણાવેલુ.

39. એવુ બનેલ નથી કે ફરીયાદીએ મને કહેલ હોય કે એક જ મીનીટી સર્વે કરવા દયોને હવે આપણે એક રાઉન્ડ મારી માવો ખાવા કેન્ટીન જવુ પડશે. એવુ પણ બનેલ નથી કે ફરીયાદીએ મને એવુ કીધુ હોય કે માસ્ક મુકી દયો ગામડા જેવુ લાગે છે અહી કોઈ કોરાનાની બીક નથી. ધમભા નામથી નામ દઈને ધમભા જોડે વાત કરતો હોય તેવુ મારી

---
સાહેદની સહી

હાજરીમાં બનેલ નથી. મને એવી ખબર નથી કે ફરીયાદીએ વિપુલભાઈને નિશાદ સાહેબને ફોન કરી બોલાવવા કીધુ હોય અને છતા પણ વિપુલભાઈએ તેઓને બોલાવવા કોઈ ફોન ના કરયો હોય. અમો આરોપીઓની ઓફીસમાં ગયા હોઈએ અને વિપુલભાઈએ ફરીયાદીના કહયા મુજબ રીસ્પોન્સ ના આપયો હોય અને અમો બહાર નીકળી ગયા હોઈએ તેવુ બનેલ નહી.

40. અમો સવારે એ સી બી કચેરીએ પહોચ્યા પછી જે રુમમાં પહોચ્યા ત્યાં ત્રણેક કલાક જેટલુ રોકયેલા અને બધા સાથે પાન્ધ્રો જવા માટે નીકળ ેલા અમો કુલે સાત થી આઠ માણસો નીકળેલા અને અમારે બે વાહનમાં જવાનું હતુ. એ વાત ખરી છે કે હુ અને બાકીના માણસો ખાલી હાથે વાહનમાં બેસેલા હતા. અમો નીકળ્યા બાદ આશરે અઢીએક કલાક બાદ વાહન ઉભુ રાખેલુ અને તે વાહન ઉભુ રાખાવની સુચના સાહેબે આપેલી. સાહેદ જણાવે છે કે ફરીયાદી સાહેબને કીધુ કે તેનુ વાહન બાજુના ગામમાંથી લેવાનું છે. વાહન ઉભુ રાખ્યુ ત્યાંથી તે ગામ કેટલુ દુર હતુ તેની મને ખબર નથી.ભુજથી અંદાજે ૧૩૦ –૪૦ કી.મી. પછી અમો વાહન ઉભુ રાખેલુ. ફરીયાદીનું ગામ પાન્ધ્રોની વિરુધ્ધ દીશામાં હતુ તેની મને ખબર નથી કારણ કે હું ભૌગોલીક પરીસ્થીતી વાકેફ નથી. મને એવુ યાદ નથી કે ફરીયાદીએ સાહેબને એવુ જણાવેલુ કે આક્ષેપીતોને વહેમ પડી જશે જેથી મારી મો.સા. મે પહેલાથી રાખેલી છે. એ વાત ખરી છે કે મારી જોડે કોઈ આવે તો આક્ષેપીતોને વહેમ પડે તેની મો.સા. લઈ હું

સાહેદની સહી

એકલો જઉ. મને યાદ નથી કે વાહન ઉભુ રાખી ફરીયાદીને તેનુ મો. સા. લઈ લેવા માટે વાહનમાંથી ઉતારી દીધેલ હતો.

**41.** પંચનામું કોણ લખતુ હતુ તેનુ નામ મને યાદ નથી. એ વાત ખરી નથી કે કાર્યવાહી દરમીયાન મારે અને પટેલ સાહેબને એકબીજાને કઈ પુછવુ પડવુ ના હોય. આરોપીની રુમમાં લાલજીભાઈ નામનો વ્યકિત હતો તેની મને ખબર નથી. ફરીયાદીએ ફોન ઉપર કોની સાથે વાતો કરેલી તે મને યાદ નથી. ફોન ઉપર કેટલી વખત થઈ હશે તે યાદ નથી.

**42.** એ વાત ખરી છે કે આરોપીઓને ત્યાં વીડીયોગ્રફી કરવામાં આવેલી હતી. એ સી બી પાસે જે ઈન્સ્ટ્રુમેન્ટ હતા તેમાં ઓડીયો તથા વીડીયોગ્ર ફીની ફેસેલીટી હતી. એ વાત ખરી છે કે અમો આરોપી બેસે છે ત્યાં આશરે ૩:૨૫ કલાકે ના સમયે પહોચેલા. એ વાત ખરી છેકે ત્યારે એ.સી.બી ના પટેલ સાહેબને આરોપીઓને જેમ ના તેમ બેસી રહેવા સુચના આપેલી અને પોતાની ઓળખાણ આપેલી અને બન્ને જણના કાંડા થી હાથ પકડી લીધેલા અને તેમને કોઈ હીલચાલ કરવા દીધેલી નહી.

**43.** એ વાત ખરી છે કે આક્ષેપીત નિશાદનાઓએ પૈસા બોકસની અંદર નાખી દેતા જોયા હોય તેવુ મે લખાવેલુ નથી. એ વાત ખરી છે કે ''બરાસરા સાહેબ તરફ ફરીયાદી જોયા બરાસરા સાહેબને પૈસા આપી દીધેલ'' તેવુ મે કોઈ એ સી બી ના અધિકારીને લખાવેલ નથી.

**44.** એ વાત ખરી નથી કે મને પોલીસે કોર્ટમાં હાજર રહેવાનું સમન્સ

---
**સાહેદની સહી**

બજાવેલુ તેન સાથે પંચનામાની પણ કોપી આપેલી. એ વાત ખરી છે કે મે સમન્સ બજયા બાદ પોલીસને એમ કહેલુ કે આામા બહુ સમય થઈ ગયેલ છે એટલે મને યાદ નથી. મને પોલીસે એમ કહેલુ કે તમે સરકારી કર્મચારી છો આ તમારી સહી વાળુ કાગળીયુ છે તેમા લખેલુ છે તે બોલાવાનુ છે તેના જવાબમાં જણાવુ છુકે મને પંચનામું વાંચવા આપેલુ આજથી આશરે અઠવાડીયા દસ દીવસ પહેલા આપેલી. એ વાત ખરી નથી કે ઝેરોક્ષ આપેલી. ઓરીઝનલ પંચનામું વાંચવા આપેલુ તેના જવાબમાં જણાવુ છુ કે ના ઝેરોક્ષ કોપી વાંચવા આપેલી. એ વાત ખરી છે કે મને એવી જાણ છે કે સરકારી કર્મચારીએ કોઈ લખાણની નીચે સહી કરી હોય તો તેમાં લખ્યા મુજબ બોલવુ પડે નહીતો નોકરીમાં તકલીફ પડે.

સવાલ: ઉપરોકત બધી બાબતોનું ધ્યાન રાખીને જે પંચનામાનું લખાણ હતુ તે વારંવાર વાંચી બરાબર યાદ રાખી તેમા લખ્યા મુજબની કોર્ટમાં જુબાની આપેલી છે.

જવાબ:- એ વાત છે કે જે પંચનામું તથા મારી નજર સામે મે જોયેલુ હતુ એ જ મે જુબાની આપેલી છે.

45. એ વાત ખરી છે કે મે પંચનામાં અને જુબાનીમાં એવુ લખાવેલ નથીકે આક્ષેપીતોએ પૈસા માંગવા કયા પ્રકારનો ઈશારો કરેલો.

46. એ વાત ખરી નથી કે હુ સરકારી કર્મચારી હોઈ કોઈ બનાવ મારી હાજરીમાં ન બનેલ હોવા છતા પ્રોસી.ના ખોટા કેસને મદદ કરવા ખોટી જુબાની આપેલ છે.

---

સાહેદની સહી

**47.** એ વાત ખરી નથી કે મે માત્ર તૈયાર કરેલા પંચનામામાં માત્ર સહી કરેલ છે. એ વાત ખરી નથી કે મારી ગેરહાજરીમાં તૈયાર કરેલા કાગળોમાં લખાવેલ અમો પંચોના નામ સરનામા લખીને અમારી માત્ર સહી લેવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે કહેવાતા કોઈ બનાવના સ્થળ અને સમયે હાજર હતો નહી મે કોઈ બનાવ જોયો નથી કે સાંભળ્યો નથી.

ઉ.ત.પુરી.

ફેરતપાસ નથી.

ભુજ–કચ્છ.

તારીખ : ૫/૪/૨૦૨૪

**સાહેદ, એ.પી.પી.શ્રી, બચાવપક્ષના વિ.વ.શ્રી મોનીટર ઉપર જુબાની વાંચી શકે છે. તેથી તેઓની એપ્રુવ કરેલ જુબાનીની પ્રિન્ટ કરી કેસમાં મુકેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૭/૨૦૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા મુજબની તેની સહી લેવામાં આવેલ છે.**

મારી રૂબરૂ

આઠમાં અધિક સેશન્સ જજ

તથા સ્પેશીયલ જજ (એ.સી.બી.)

ભુજ–કચ્છ.

---

**સાહેદની સહી**